અપીલ અરજી નં.૩૨૭ તા.૪–૨–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ

સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં ચાલતા જરીના કારખાના જેવા કે, ચપળમશીન, વિટવાના મશીન,આળીયા મશીન, ચાંદીગીલીટ , જરીગીલીટના એકમ ચાલે છે તે કારખાનાની સુ.મ.પા. તરફથી દુકાનધારા હેઠળ સંસ્થાની નોંધણી જ કરવામાં આવે છે કારખાના ચલાવવા માટે કોઈ લાયસન્સ સુ.મ.પા. તરફથી આપવામાં આવતા નથી. એવું આઈ.ડી.નં.૯૮૦ તા.૧–૧૨–૦૮ માં જણાવેલ છે તો પછી ૪/૩૬૦ વાળી મિલકતમાં ગુમાસ્તાની નોંધણી ના આધારે કારખાના ચાલે છે તે સબંધિત વિભાગે બંધ કરાવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૭/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં ચાલતા જરીના કારખાના જેવા કે, ચપળમશીન, વિટવાના મશીન,આળીયા મશીન, ચાંદીગીલીટ , જરીગીલીટના એકમ ચાલ ે છે તે કારખાનાની સુ.મ.પા. તરફથી દુકાનધારા હેઠળ સંસ્થાની નોંધણી જ કરવામાં આવે છે કારખાના ચલાવવા માટે કોઈ લાયસન્સ સુ.મ.પા. તરફથી આપવામાં આવતા નથી. એવું આઈ.ડી.નં.૯૮૦ તા.૧–૧૨–૦૮ માં જણાવેલ છે તો પછી ૪/૩૬૦ વાળી મિલકતમાં ગુમાસ્તાની નોંધણી ના આધારે કારખાના ચાલે છે તે સબંધિત વિભાગે બંધ કરાવવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તાધારા ના પત્ર નં./એસ.એન્ડ ઈ./જા./૩૧૬ તા.૧૭–૧–૦૯થી આપેલ માહિતી માંગ્યા મુજબ આપેલ ન હોવાનું તેમજ અધુરી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોં ધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૬ તા.૧૨–૨–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકાર (ગુમાસ્તાધારા)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેમના તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૩૧–૧૨–૦૮ ની અરજીમાં અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં ચાલતા જરીના કારખાના જેવા કે, ચપળમશીન, વિટવાના મશીન,આળીયા મશીન, ચાંદીગીલીટ , જરીગીલીટના એકમ ચાલ ે છે તે કારખાનાની સુ.મ.પા. તરફથી દુકાનધારા હેઠળ સંસ્થાની નોંધણી જ કરવામાં આવે છે કારખાના ચલાવવા માટે કોઈ લાયસન્સ સુ.મ.પા. તરફથી આપવામાં આવતા નથી. એવું આઈ.ડી.નં.૯૮૦ તા.૧–૧૨–૦૮ માં જણાવેલ છે તો પછી ૪/૩૬૦ વાળી મિલકતમાં ગુમાસ્તાની નોંધણી ના આધારે કારખાના ચાલે છે તે સબંધિત વિભાગે તાકીદે બંધ કરાવવા બાબતે જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીના પત્રમાં જણાવ્યા મુજબ "ગુમાસ્તાધારા હેઠળ ફકત નોંધણી કરવામાં આવે છે. ગુમાસ્તાધારા અધિનિયમનો જો ભંગ થતો હોય તો તે મુજબ કાયદેસરની જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ સંસ્થા બંધ કરાવવાની શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટમાં કોઈ જોગવાઈ નથી માલીક જાતે લેખિતમાં સંસ્થા બંધ થયાની જાણ કરે અથવા ગુમાસ્તાધારા નીરીક્ષકને સંસ્થા બંધ થયાની ખાતરી થાય તો સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે." તેવું જણાવેલ છે તે સામે નારાજગી દર્શાવેલ છે. ઉલ્લેખનીય છે કે મુળ અરજીથી અરજદારે કોઈ માહિતી માંગેલ નથી પરંતુ કાર્યવાહી કરાવા રજૂઆત કરેલ તેમ છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી માહિતી જોગવાઈના પરિપેક્ષ્યમાં આપેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી કોઈ માહિતી માંગેલ નથી જેથી અપીલ અરજીમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા).... જાણ તથા અમલ માટે
(૩) શ્રી હેમંત એન. દેસાઈ,